Publication: Sandesh East| Edition: Ahmedabad
Date: June 04, 2023| Page No: 04|Food & Agriculture
Headline: This year 190 metric tonnes of kesar mangoes exported to many countries

**જૂનાગઢ** સોરઠના ૩૮૨ ખેડૂતોએ કેરીની નિકાસ માટે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું

# આ વર્ષે ૧૯૦ મેટ્રિક ટન કેસર કેરીની વિશ્વના અનેક દેશોમાં નિકાસ થઈ

## ગત વર્ષની સરખામણીએ ૧૦૦ મેટ્રિક ટન કેરીની નિકાસમાં વધારો

કેસર કેરીનું નામ પડે એટલે જૂનાગઢ અને તલાલા પંથકના ખેડૂતોએ પકવેલી કેરી સૌ કોઈના આંખો તરફ તરવા લાગે છે. ગુજરાત કે ભારતમાં જ નહી કેસર કેરીની ખ્યાતી આજે સમગ્ર વિશ્વમાં ફેલાયેલી છે. ત્યારે હાલ કેસર કેરીની સિઝન ચાલી રહી છે. આવા સમયે સોરઠ પંથકની કેરી ભારત બહાર પહોંચાડવા માટે આ વર્ષે અત્યાર સુધીમાં સોરઠના ૩૮૨ ખેડૂતોએ વિશ્વના અનેક દેશોમાં ૧૯૦ મેટ્રિક ટન કેસર કેરીની નિકાસ કરીને અનેકગણો નફો મેળવ્યો છે. ગત વર્ષે ૧.૫૬.૪૩૩ મેટ્રિક ટન કેરીનું ઉત્પાદન થયું હતું. જેની સામે આ વર્ષે ૩૦ ટકા ઉત્પાદન વધવાની શક્યતા છે. ત્યારે હાલ કેરીની સિઝન ચાલુ છે. કેસર કેરી અહીંથી સમગ્ર ગુજરાત અને દેશમાં તો એક્સપોર્ટ થઈ પરંતુ વિદેશમાં પણ એક્સપોર્ટ કરવામાં આવી રહી છે.

જેને લઈને વિદેશમાં કેરીની નિકાસ કરવા માટે ૨૦૨૩ ના વર્ષમાં સોરઠના એટલે જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના બે યુનિટમાંથી ૩૮૨ જેટલા ખેડૂતોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. આ અંગે બાગાયત વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, ખેડૂતોને કેરીની નિકાસ કરવા માટે અપેડા નામની સંસ્થામાં રજિસ્ટ્રેશન કરવાનું હોય છે. અને તેના માધ્યમથી કેસર કેરી નિકાસ થાય છે. ગત વર્ષે જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના બંને યુનિટમાંથી ૮૦ ખેડૂતો દ્વારા ૧૧૦ મેટ્રિક ટન કેરીની વિદેશમાં નિકાસ કરવામાં આવી હતી. જ્યારે આ વર્ષે ૨૦૨૩ માં સોરઠના યુનિટમાંથી ૩૮૨ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવેલું તે ખેડૂતો દ્વારા અત્યાર સુધીમાં ૧૯૦ મેટ્રિક ટન કેસર કેરીની નિકાસ કરવામાં આવી છે.